भारतीय गैर न्यायिक INDIA NON JUDICIAL

भारत

दस हजार रुपये

रु. 10000

Rs. 10000

TEN THOUSAND RUPEES

सत्यमेव जयते

INDIA

ગુજરાત गुजरात GUJARAT

A 317228

રજી.નં. 3300૨

NOTARY DHIRUBHAI M. VADIWALA SURAT DISTRICT Reg. No NTR/1351/R GOVT. OF GUJARAT (INDIA)

-:: ડેવલોપમેન્ટ કરાર ::-

For Shree Parth Infracorp Limited

Director

અવેજ ₹.૧૧,૫૦,૬૧,૨૦૦/- પુરાનો.

અંકે રૂપીયા અગીયાર કરોડ પચાસ લાખ એકસઠ હજાર બસો પુરાનો.

સંવત ૨૦૭૦ ના અષાઢ સુદ આઠમ ને વાર : શનિવારને તા. ૫ મી માહે : જુલાઇ, સને ૨૦૧૪ ના અંગ્રેજી દિને :-

પહેલા પક્ષના : યાને જમીન માલીક : -

(૧) **રમેશભાઇ નગીનભાઇ પટેલ**

ઉ.આ.વ. : ૬૨, ધંધો : ખેતી, જાતના : હિંદુ, રહેવાસી : ''મોસમ તેજ'', ઋષભ એપાર્ટમેન્ટની પાછળ, પોસ્ટ ઓફીસની સામે, રાંદેર રોડ, સુરતનાં.

(૨) **ભરતભાઇ નગીનભાઇ પટેલ**

ઉ.આ.વ. : ૫૪, ધંધો : ખેતી, જાતના : હિંદુ, રહેવાસી : ''મોસમ તેજ'', ઋષભ એપાર્ટમેન્ટની પાછળ, પોસ્ટ ઓફીસની સામે, રાંદેર રોડ, સુરતનાં.

બીજા પક્ષના : યાને ડેવલપર : -

મે. શ્રી પાર્થ ઇન્ફ્રાકોર્પ લીમીટેડ કે જે ભારતીય કંપનીઝ એક્ટ સને - ૧૯૫૬ હેઠળ ગુજરાત રાજયનાં કંપનીઓના રજીસ્ટ્રારશ્રીની કચેરીમાં ક્રમાંક : યુ૪૫૨૦૦જીજે૨૦૧૧પીટીસી૦૬૮૦૦૩ થી તા. ૨૯-૧૧-૨૦૧૧ ના રોજથી નોંધાયેલ લીમીટેડ કંપની છે કે જેની રજીસ્ટર્ડ ઓફીસ : ૧૨૦૮-૧૨૦૯, રોયલ ટ્રેડ સેન્ટર, કેબલબ્રીજ પાસે, પાલ હજીરા રોડ, અડાજણ, સુરત મુકામે આવેલ છે **મજકુર કંપની તરફે તેના અધિકૃત ડીરેકટર**

શ્રી પ્રવિણભાઇ આણંદભાઇ ખેની

ઉ.આ.વ. : ૪૭, ધંધો : ખેતી તથા વેપાર, જાતના : હિંદુ,

રહેવાસી : ૭/સી-ડી, મોહનગોપાળની વાડી, ઉર્મી સોસાયટી, વરાછા રોડ, સુરત.

જત, આપણે બંને પક્ષકારો વચ્ચે આ કરાર કરવામાં આવે છે કે,

રમેશભાઇ નગીનભાઇ પટેલ ભરતભાઇ નગીનભાઇ પટેલ

For Shree Parth Infracorp Limited

Director

(૧) ડીસ્ટ્રીકટ સુરત, સબ-ડીસ્ટ્રીકટ સુરત સીટીના મોજે ગામ - અડાજણના **બ્લોક / સર્વે નંબર : ૨૨૮** વાળી જુની શરતની ખેતીની જમીન કે જેનું ગામ નમુના નંબર : ૭/૧૨ મુજબનું કુલ ક્ષેત્રફળ સુમારે હે. ૦ - ૯૬ આરે - ૧૧ ચો.મી. થાય છે કે જેનો આકાર રૂ.૩૩-૧૨ પૈસા છે તથા ગામ નમુના નંબર : ૮-અ (ખાતાવહી) માં ખાતા નંબર : ૫૧૨૫ છે તે જમીનનો ટી.પી.સ્કીમ નંબર : ૧૩ (અડાજણ) માં સમાવેશ થતા ફાયનલ પ્લોટ નંબર : ૧૧૫ તથા ૧૫૫ ફાળવવામાં આવેલ છે જે પૈકી ફાયનલ પ્લોટ નંબર : ૧૫૫ વાળી જમીનનું ફાયનલ પ્લોટ મુજબનું ક્ષેત્રફળ સુમારે ૧૦૯૬ ચો.મી. યાને ૧૩૧૦.૮૨ ચો.વાર વાળી ખુલ્લી જમીન તથા ડીસ્ટ્રીકટ સુરત, સબ-ડીસ્ટ્રીકટ સુરત સીટીના મોજે ગામ - અડાજણના **બ્લોક / સર્વે નંબર : ૧૫૭ + ૨૬૩ પૈકી ૧** વાળી જુની શરતની ખેતીની જમીન કે જેનું ગામ નમુના નંબર : ૭/૧૨ મુજબનું ક્ષેત્રફળ સુમારે હે. ૦ - ૭૨ આરે - ૮૫ ચો.મી. થાય છે કે જેનો આકાર રૂ.૧૪-૧૨ પૈસા છે તથા ગામ નમુના નંબર : ૮/અ (ખાતાવહી)માં ખાતા નંબર : ૭૭૭ છે તે જમીનનો ટી.પી.સ્કીમ નંબર : ૧૩ (અડાજણ) માં સમાવેશ થતા ફાયનલ પ્લોટ નંબર : ૧૫૬ ફાળવવામાં આવેલ છે જેનો ફાયનલ પ્લોટ મુજબનું ક્ષેત્રફળ સુમારે ૫૩૩૨ ચો.મી. યાને ૬૩૭૭.૦૭ ચો.વાર થાય છે આમ, ટી.પી. સ્કીમ નંબર : ૧૩ (અડાજણ) ના ફાયનલ પ્લોટ નંબર : ૧૫૫ તથા ૧૫૬ નું કુલ ક્ષેત્રફળ સુમારે **૬૪૨૮ ચો.મી. યાને ૭૬૮૭.૮૯ ચો.વાર** થાય છે તે બીનખેતીની જમીનના એકલા અને સ્વતંત્ર માલીક પહેલા પક્ષનાઓ ચાલી આવેલ છે.

(૨) સદરહુ મિલ્કત કોઇને કોઇપણ રીતે વેચાણ, ગીરો કે બક્ષીસ આપી નથી તેમજ કોઇ રીતે ટ્રાન્સફર કે એસાઇન કોઇપણ રીતે કરી કરાવી નથી. હમોએ સદરહુ મિલ્કત કોઇને બોજામાં, લીયન કે ઇકવીટેબલ ગીરોમાં આપી નથી. સદરહુ મિલ્કત ઉપર હમોએ કોઇપણ જાતનું કરજ કર્યું નથી. હમો એકલાં જ સદરહુ મિલ્કતના એકલા સ્વંતત્ર માલિક મુખત્યાર તરીકે ચાલ્યા આવેલાં. સદરહુ મિલ્કત હમારા પોતાના ચોખ્ખા અને મારકેટેબલ ટાઇટલ વાળી છે.

For Shree Parth Infracorp Limited

Director

NOTARY * RUBHAI M. VADIWALA * GUJARAT (INDIA) SURAT DISTRICT Reg. No. 461/R

(૩) પહેલા પક્ષવાળાને સદરહુ જમીનની હરકોઇ પ્રકારે વ્યવસ્થા કરવાના હકક અને અધિકાર છે. પહેલા પક્ષવાળાએ આ અગાઉ સદરહુ જમીનની બીજી કોઇ વ્યવસ્થા કરી કરાવી નથી.

(૪) સદરહુ જમીનમાં બીનખેતી અંગેનું કૃત્ય કરવા કલેકટરશ્રીના હુકમ નંબર :(જે) બખ / તપસ / રજી. નં. ૩૫/૨૦૧૪ કલેકટર કચેરી એન.એ. શાખા ૫/બી જિલ્લા સેવા સદન - ૨, અઠવાલાઇન્સ, સુરત તા. ૦૩-૦૩-૨૦૧૪ ના રોજ બીન ખેતીનો હુકમ આપેલ છે.

(૫) પહેલા પક્ષવાળા સદરહુ જમીન વેચાવા તથા તેની વેચાણ કિંમત વસુલ લેવા માટે ઘણાં સમયથી પ્રયત્નશીલ હતા. પરંતુ સદરહુ જમીન તથા જમીનની બજાર કિંમત ખુબ મોટી હોવાના કારણે પહેલા પક્ષવાળાના ઘનિષ્ઠ પ્રયત્ન છતા સદરહુ જમીન માટે ખરીદનાર મળતા ન હતા. દરમ્યાનમાં બીજા પક્ષવાળાએ પહેલા પક્ષવાળાને સદરહુ જમીન ઉપર બાંધકામ કરવા અંગે વાતચીત કરતા આ કરાર કરવામાં આવેલ છે. પહેલા પક્ષવાળાને જમીન ઉપર બાંધકામ કરવામાં કે તેને ડેવલપ કરી વેચવામાં કોઇ રસ હતો નહી અને છે નહી. સદરહુ જમીનની બજાર કિંમત મોટી હોવાને કારણે તથા બીજા પક્ષવાળા બજાર કિંમત એક જથ્થે પહેલા પક્ષવાળાને ચુકવી આપવા માટે સક્ષમ ન હોવાને કારણે વિકલ્પના અભાવે પહેલા પક્ષવાળાએ આ કરારમાં જણાવેલ શરતોને આધિન બીજા પક્ષવાળાને સદરહુ જમીન ઉપર બાંધકામ કરવાના હકક આપ્યા છે. જેથી પહેલા પક્ષવાળાને સમ્યાંતરે ટુકડે-ટુકડે જમીનની બજાર કિંમત મળી રહે.

સબબ પહેલા પક્ષવાળાનો પ્રસ્તાવિત એપાર્ટમેન્ટ ટાઇપ ફલેટ તથા કોર્મશીયલની યોજનામાં થનાર નફામાં કોઇ હકક છે જહી અને રહેશે નહી. અને તેઓ એટલે કે પહેલા પક્ષવાળા માત્ર જમીનની વેચાણ કિંમત વસુલ લેવા હકકદાર રહેશે.

(૬) સદરહુ જમીન પર સુરત મહાનગર પાલિકાએ રજાચિઠ્ઠી કોમર્શીયલ માટે ટી.ડી.ઓ. / ડી.પી./ નં. ૯૮ તા. ૧૯-૦૬-૨૦૧૪ તથા રેસીડન્સ માટે ટી.ડી.ઓ. /

For Shree Parth Infracorp Limited

Director

NOTARY * GOVT. OF GUJARAT (INDIA) * VADIWALA ...RUBHAI M. SURAT DISTRICT

ડી.પી./ નં. ૯૯ તા. ૧૯-૦૬-૨૦૧૪ ના રોજ પ્લાનો મંજુર કરી બાંધકામ કરવા અંગેની વિકાસ પરવાનગી આપેલ છે.

(૭) બીજા પક્ષવાળા વ્યવસાયીક બીલ્ડર અને ડેવલપર છે. અને બીલ્ડીંગ લાઇનના જાણકાર છે. બીજા પક્ષવાળાએ અનેક રહેઠાણ તથા વ્યાપારી ઈમારતોનું બાંધકામ કરેલ છે.

(૮) બંન્ને પક્ષકારો વચ્ચે સદરહુ કરાર બાબતે અમુક શરતો નકકી કરવામાં આવેલ છે. જે નીચે મુજબ છે.

<u>ડેવલપીંગ કરારમાં નકકી કરવામાં આવેલ શરતો</u>

(૧) જમીનની માલીકી પહેલા પક્ષવાળાની કાયમી ધોરણે રહે છે, બીજા પક્ષવાળાને જમીન ઉપર માલીક તરીકેના કોઇ હકકો આપવામાં આવતા નથી. પરંતુ સદરહુ જમીનમાં બાંધવામાં આવેલ ***મેગા રોયલ*** ના નામથી ઓળખાતી ઈમારતમાં આવેલ ફલેટો તથા દુકાનોના ખરીદનારાઓને પહેલા પક્ષના તથા બીજા પક્ષના બંનેએ સાથે મળી વેચાણ કર્યા અંગેના જરૂરી જે કાંઈ લખાણો જેવા કે સાટાખત, કબજા સહિતના વેચાણ કરાર, વેચાણ દસ્તાવેજ વિગેરે જે કાંઈ બનાવવાના થાય તે તમામ પહેલા પક્ષનાએ તથા બીજા પક્ષનાએ સાથે મળી કરી આપવાના રહેશે સહી.

(૨) પહેલા પક્ષવાળાની માલીકીની ઉપર જણાવેલી અને પરિશિષ્ટમાં વિગતવાર વર્ણવેલી જમીન ઉપર વિકાસ કામ કરવા માટેના હકકો બીજા પક્ષવાળાને આપવામાં આવેલ છે. જમીનમાં વિકાસ કરવા માટે જમીનના હકક પહેલા પક્ષવાળાએ બીજા પક્ષવાળાને સોંપેલા છે. બીજા પક્ષવાળા વિકાસ કામ પોતે જાતે કરવા અથવા એજન્સી મારફતે કરાવવા અથવા અન્ય સાથે ભાગીદારી કરી પેઢી મારફતે તેવા કામો કરવા હકકદાર રહેશે. તમેજ સદરહુ જમીન ઉપર બિનખેતીનુ કૃત્ય કરવા માટે યાને બાંધકામ કરવા માટે તમામ વિકાસ પરવાનગીઓ જેવી કે

For Shree Parth Infracorp Limited

Director

NOTARY * GOV. OF GUJARAT (INDIA) DHIRUBHAI M. VADIWALA SURAT DISTRICT Reg. No. 11/R

રજાચિઠ્ઠી, પ્લાન પાસ તથા બીનખેતીની પરવાનગી વિગેરે મેળવવામાં આવેલ છે તેમજ તે અંગેનો તમામ ખર્ચ પહેલા પક્ષનાએ કરેલ છે સહી.

(૩) બીજા પક્ષવાળાએ જમીનનો વિકાસ પોતાની જવાબદારી ઉપર અને પોતાના જોખમે કરવાનો રહેશે. તમામ બાંધકામ ખર્ચ, માલસમાનનો ખર્ચ, મજુરી, કોન્ટ્રાકટરના બીલો, આર્કિટેકટ ફી, સ્ટ્રકચરલ એન્જીનીયરની ફી તથા તેવા સંબંધિત આનુસાંગિક ખર્ચ બીજા પક્ષવાળાના શીરે રહેશે. સદરહુ જમીન ઉપર કરવામાં આવેલ બાંધકામને લગતા તમામ સરકારી - અર્ધસરકારી ટેક્ષ, સર્વિસ ટેક્ષ, વેટ તથા બેટરમેન્ટ ચાર્જ વિગેરે ભરવા પાત્ર રકમ બીજા પક્ષનાએ ભરવાની રહેશે સહી.

(૪) સદરહુ જમીન પર બીજા પક્ષવાળાઓ જે કાંઈ વિકાસ કામ કરે તે પોતાની જવાબદારી પર કરશે. બીજા પક્ષવાળાએ બાંધકામ કરવા દરમ્યાન પ્રવર્તમાન તથા ભવિષ્યમાં લાગુ તમામ કાયદાઓનું તથા વખત વખતની સરકારી તથા સ્થાનિક સત્તા મંડળોની સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે, પરંતુ જો બીજા પક્ષના તેની કોઇ સુચના અવગણીને કોઇપણ પ્રકારનું ગેરકાયદેસર બાંધકામ કરે તો તે માટે પહેલા પક્ષવાળાની કોઇ જવાબદારી રહેશે નહી. તેવા સર્વે કામો માટે બીજા પક્ષવાળાઓ અંગત રીતે જવાબદાર રહેશે.

(૫) બીજા પક્ષવાળા સદરહુ જમીન પર જે બાંધકામ થાય તે બાંધકામમાં આવેલ એપાર્ટમેન્ટ ટાઈપ ફલેટ તથા દુકાનો / ઓફીસો અલગ અલગ વ્યકિતઓને માલીકી ધોરણે વેચાણ આપવા, તે માટે તેઓ સાથે યોગ્ય શરત મુકરર કરવા, લેખીત કરાર કરવા, નાણાં મેળવવાનો અને તેની યોગય રસીદ આપવા, બુકીંગ કરાર કરવા તેમજ ડેવલપર તરીકે કરવા પડતા જરૂરી તમામ કામો કરવા હકકદાર રહેશે, પરંતુ તેના સર્વે કામો બીજા પક્ષવાળા પોતાની અંગત જવાબદારી પર કરશે અને કોઇપણ ગેર કાયદેસર કામ માટે પહેલા પક્ષવાળા જવાબદાર રહેશે નહી. પહેલા અને બીજા પક્ષવાળા વચ્ચે પ્રિન્સીપાલ / એજન્ટ નો કોઇ સંબંધ નથી. તેથી બીજા પક્ષવાળાના કોઇ કાર્ય માટે પહેલા

For Shree Parth Infracorp Limited

Director

NOTARY * GOVT. OF GUJARAT (INDIA) HIRUBHAI M. VADIWALA SURAT DISTRICT

પક્ષવાળા જવાબદાર રહેશે નહી. બીજા પક્ષવાળા ગ્રાહીત શખ્સો સાથે જે કોઇ વ્યવહાર કરે તે સર્વ આ કરારની જોગવાઈઓએ અધિન રહેશે.

(૬) પહેલા પક્ષવાળાની માલીકીની કુલ જમીનનું ટી.પી.સ્કીમ નંબર : ૧૩ (અડાજણ) ના ફાયનલ પ્લોટ નંબર : ૧૫૫ તથા ૧૫૬ નું કુલ ક્ષેત્રફળ ૬૪૨૮ ચો.મી. છે સદરહુ જમીન ઉપર મંજુર થયેલા પ્લાનના અનુસંધાનમાં બીજા પક્ષવાળા થકી કરવા ધારેલા વિકાસ કામને લગતી છે, તે જમીનની હાલની બજાર કિંમત રૂા. ૧૧,૫૦,૬૧,૨૦૦/- ઠરાવી છે, પહેલા પક્ષવાળા ભવિષ્યમાં જમીનની પ્રવર્તમાન બજાર કિંમત આધારીત જરૂરી વધારો કરી શકશે. બીજા પક્ષવાળા જમીન ઉપર જે વિકાસ કામ કરે તે ઈમારતમાં આવેલ અલગ અલગ મિલ્કતોના હોલ્ડરો સાથે જે કરાર કરશે તે કરારમાં જમીન માલીક તરીકે પહેલા પક્ષવાળાને સામેલ કરશે અને પ્રમાણસર અવિભાજય હિસ્સાની જમીન તથા ખરીદનાર સભ્યને વેચાણ મળતી ગણી તેઓ પાસેથી ઉપરોકત દર જમીનની કિંમતના નાણાં પહેલા પક્ષવાળાને મેળવી આપશે. ટુંકમાં સમગ્ર પ્રોજેકટ પુરો થતા પહેલા પક્ષવાળાને પોતાની જમીનની ઉપર દર્શાવેલી પુરેપુરી કિંમત મજકુર ઈમારતના મિલ્કતોના ખરીદનાર સભ્યો પાસેથી સીધી રીતે મળી રહે. તેની જવાબદારી બીજા પક્ષવાળાની રહેશે.

વધુમાં પહેલા પક્ષના સદરહુ પોતાની જમીનનો અવેજ જે તે સભ્યો પાસેથી સીધો પણ મેળવી શકશે.

(૭) પહેલા અને બીજા પક્ષના વચ્ચેનો આ કરાર નીયત મુદતમાં યાને કે આજથી ચાર વર્ષની મુદત સુધીમાં પુર્ણ કરવાનો રહશે સહી અને ચોકકસ કારણસર મુદતમાં વધારો કરી શકશે સહી.

(૮) પહેલા પક્ષવાળાની જેમ કોઇ ચોકકસ યુનીટને લગતી ફાળે પડતી પ્રમાણસર અવિભાજય હિસ્સાની જમીનની બજાર કિંમત પેરા - ૬ માં ઠરાવેલી ગણતરી પ્રમાણે ચુકતે મળ્યેથી પહેલા પક્ષવાળા તેવા મિલ્કત ધરાવનાર વ્યકિતને ફાળે પડતી અવિભાજય હિસ્સાની જમીનનો વેચાણ દસ્તાવેજ બીજા પક્ષવાળાની

શંકરભાઈ નગીનભાઈ પટેલ **For Shree Parth Infracorp Limited** [signature]

Director

NOTARY * GOVT. OF GUJARAT (INDIA) DHIRUBHAI M. VADIWALA SURAT DISTRICT Reg. NTR

સુચના પ્રમાણે કરી આપશે. તેવા દસ્તાવેજમાં બીજા પક્ષવાળાએ પણ જરૂરી પક્ષકાર તરીકે સામેલ થવાનું રહેશે. તેવા દસ્તાવેજનો ખર્ચ ખરીદનાર સભાસદના શીરે રહેશે જે તે મિલ્કતનો પ્રત્યક્ષ કબજો તેવા દસ્તાવેજ થકી ખરીદનાર સભ્યને સોંપવાનો રહેશે.

(૯) આ કરારની મુદત દરમ્યાન બીજા પક્ષવાળા જમીનનો વિકાસ કરવામાં નિષ્ફળ જાય તો મુદત વિત્યે બીજા પક્ષવાળાના જમીન વિકાસ કરવાના હકકોનો અંત આવેલો ગણાશે અને તે તારીખે બીજા પક્ષવાળાએ જમીન પેટે બાકી નીકળતા પૈસા પહેલા પક્ષવાળાને ચુકવવાના રહેશે. પરંતુ જો બીજા પક્ષવાળા તે મુદતમાં પહેલા પક્ષવાળાની મુકરર થયેલી પુરેપુરી જમીનની કિંમતના નાણાં પહેલા પક્ષવાળાને ચુકવી આપે તો આ કરાર આપોઆપ એક્ષટેન્ડ થયેલો ગણાશે અને બીજા પક્ષવાળા પ્રોજેકટ સંપુર્ણ કરે ત્યાં સુધી આ કરાર અમલમાં રહેલો ગણાશે અને નકકી કરેલ અવેજ સિવાય વધારાની કોઇપણ રકમ પહેલા પક્ષવાળાઓ બીજા પક્ષના પાસે માંગી શકશે નહી.

(૧૦) આ કરારની મુદત દરમ્યાન બીજા પક્ષવાળાની સદરહુ જમીનનો વિકાસ કરવામાં જો કોઇ નાણાંકીય આર્થીક મુશકેલી ઉભી થાય અને તે આર્થીક મુશકેલીને પોંચી વળવા જો કોઇ બેંક, શાહુકાર, સંસ્થા કે મંડળી પાસેથી ધીરાણ કે લોનની સવલત મેળવવાની થાય તો તે માટે બીજા પક્ષના હકકદાર રહેશે સહી અને તે માટે પહેલા પક્ષના તથા બીજા પક્ષનાએ જે કાંઇ જરૂરી લખાણો કરવાના થાય તે કરવાના રહેશે સહી તેમજ તેવા લખાણોમાં પહેલા પક્ષના તથા બીજા પક્ષના એમ બંને પક્ષકારોએ સહી, સંમતિ, કબુલાત આપવાની રહેશે સહી.

(૧૦) આ કરારની મુદત દરમ્યાન આપણે બંને પક્ષકારો પૈકી કોઇપણ પક્ષકારને પોતાનું હિત જોખમાતુ હોય એવુ લાગે તો તે પક્ષકારો ત્રણ માસ અગાઉ સામા પક્ષકારને જણાવી આ ડેવલોપમેન્ટ કરારનો અંત લાવી શકશે.

(૧૧) પહેલા પક્ષવાળાની માલીકીની કુલ્લે જમીન ઉપર જે યોજના બનશે, તે કાયમી ધોરણે ***મેગા રોયલ*** નામથી ઓળખાશે.

[handwritten signature]

For Shree Parth Infracorp Limited [handwritten signature]

[signature]
Director

(૧૨) સદરહુ કરાર બાબતે જો આજદીન બાદ કે ભવિષ્યમાં તર-તકરાર ઉભી થાય તો તેનો સંપુર્ણ રીતે નિકાલ લવાદ મારફતે લાવવાનો રહેશે.

-:: શીડયુલ ::-

ડીસ્ટ્રીકટ સુરત, સબ-ડીસ્ટ્રીકટ સુરત સીટીના મોજે ગામ - અડાજણના **બ્લોક / સર્વે નંબર : ૨૨૮** વાળી જુની શરતની ખેતીની જમીન કે જેનું ગામ નમુના નંબર : ૭/૧૨ મુજબનું કુલ ક્ષેત્રફળ સુમારે હે. ૦ - ૯૬ આરે - ૧૧ ચો.મી. થાય છે કે જેનો આકાર રૂ.૩૩-૧૨ પૈસા છે તથા ગામ નમુના નંબર : ૮-અ (ખાતાવહી) માં ખાતા નંબર : ૫૧૨૫ છે તે જમીનનો ટી.પી.સ્કીમ નંબર : ૧૩ (અડાજણ) માં સમાવેશ થતા ફાયનલ પ્લોટ નંબર : ૧૧૫ તથા ૧૫૫ ફાળવવામાં આવેલ છે જે પૈકી ફાયનલ પ્લોટ નંબર : ૧૫૫ વાળી જમીનનું ફાયનલ પ્લોટ મુજબનું ક્ષેત્રફળ સુમારે ૧૦૯૬ ચો.મી. યાને ૧૩૧૦.૮૨ ચો.વાર વાળી ખુલ્લી જમીન તથા ડીસ્ટ્રીકટ સુરત, સબ-ડીસ્ટ્રીકટ સુરત સીટીના મોજે ગામ - અડાજણના **બ્લોક / સર્વે નંબર : ૧૫૭ + ૨૬૩ પૈકી ૧** વાળી જુની શરતની ખેતીની જમીન કે જેનું ગામ નમુના નંબર : ૭/૧૨ મુજબનું ક્ષેત્રફળ સુમારે હે. ૦ - ૭૨ આરે - ૮૫ ચો.મી. થાય છે કે જેનો આકાર રૂ.૧૪-૧૨ પૈસા છે તથા ગામ નમુના નંબર : ૮/અ (ખાતાવહી)માં ખાતા નંબર : ૭૭૭ છે તે જમીનનો ટી.પી.સ્કીમ નંબર : ૧૩ (અડાજણ) માં સમાવેશ થતા ફાયનલ પ્લોટ નંબર : ૧૫૬ ફાળવવામાં આવેલ છે જેનો ફાયનલ પ્લોટ મુજબનું ક્ષેત્રફળ સુમારે ૫૩૩૨ ચો.મી. યાને ૬૩૭૭.૦૭ ચો.વાર થાય છે આમ, ટી.પી. સ્કીમ નંબર : ૧૩ (અડાજણ) ના ફાયનલ પ્લોટ નંબર : ૧૫૫ તથા ૧૫૬ નું કુલ ક્ષેત્રફળ સુમારે **૬૪૨૮ ચો.મી. યાને ૭૬૮૭.૮૯ ચો.વાર** થાય છે તે જમીનો તથા તેને લાગતા વળગતા અંદરના તથા બહારના તમામ હકકો સહિત કુલ્લે દરોબસ્ત.

For Shree Parth Infracorp Limited

Director


आयकर विभाग
INCOME TAX DEPARTMENT
भारत सरकार
GOVT. OF INDIA
SHREE PARTH INFRACORP LIMITED
29/11/2011
Permanent Account Number
AACCS7048R
NOTARY
GOVT. OF GUJARAT
DHIRUBHAI M. VADIWALA
SURAT
(INDIA)

એણી વિગતનો આ ડેવલોપમેન્ટ કરાર બંને પક્ષકારોએ રાજીખુશીથી તેમજ અકક્લ હોશંચારીથી વાંચી, વંચાવી, સમજી, શરીર તથા મનની સંપુર્ણ સ્વસ્થ અને તંદુરસ્ત હાલતમાં કરી આપ્યો છે. જે હમોને તથા હમારા વંશ, વાલી, વારસોને કબુલ, મંજુર અને બંધનકર્તા છે સહી અને રહેશે સહી.

અત્રે------------------------------મતુ તત્રે------------------------------શાખ

બીજા પક્ષના ::-

મે. શ્રી પાર્થ ઇન્ફ્રાકોર્પ લીમીટેડ કંપની તરફે તેના અધિકૃત ડીરેકટર

-------------------------------------- --------------------------------------

(પ્રવિણભાઇ આણંદભાઇ ખેની)

પહેલા પક્ષના ::-

-------------------------------------- --------------------------------------

(રમેશભાઇ નગીનભાઇ પટેલ)

(ભરતભાઇ નગીનભાઇ પટેલ)

NOTARY * GOVT. OF GUJARAT (INDIA)
DHIRUBHAI M. VARIA

स्थायी लेखा संख्या /PERMANENT ACCOUNT NUMBER
AHSPK3100A

नाम /NAME
PRAVINBHAI ANANDBHAI KHENI

पिता का नाम /FATHER'S NAME
ANANDBHAI MEGHJIBHAI KHENI

जन्म तिथि /DATE OF BIRTH
18-06-1967

हस्ताक्षर /SIGNATURE

मुख्य आयकर आयुक्त, सूरत
Chief Commissioner of Income-tax, Surat

NOTARY * GOVT. OF GUJARAT (INDIA)
DHIRUBHAI M. VARIA

स्थायी लेखा संख्या /PERMANENT ACCOUNT NUMBER
ABGPP5083R

नाम /NAME
RAMESHBHAI NAGINBHAI PATEL

पिता का नाम /FATHER'S NAME
NAGINBHAI DAHYABHAI PATEL

जन्म तिथि /DATE OF BIRTH
12-04-1952

हस्ताक्षर /SIGNATURE

आयकर आयुक्त, सूरत
COMMISSIONER OF INCOME-TAX, SURAT

NOTARY * GOVT. OF GUJARAT (INDIA)
DHIRUBHAI M. VARIA

स्थायी लेखा संख्या /PERMANENT ACCOUNT NUMBER
ADWPP3839P

नाम /NAME
BHARATBHAI NAGINBHAI PATEL

पिता का नाम /FATHER'S NAME
NAGINBHAI DAHYABHAI PATEL

जन्म तिथि /DATE OF BIRTH
27-10-1958

हस्ताक्षर /SIGNATURE

आयकर आयुक्त, सूरत
COMMISSIONER OF INCOME-TAX, SURAT

<u>નોંધણી અધિનિયમની કલમ - ૩૨(એ) મુજબ</u>

<u>ફરજીયાત ફોટા તથા અંગુઠાની છાપ લગાવી દસ્તાવેજ સાથે રજુ કરવાની યાદી.</u>

	ફોટો	અંગુઠાનું નિશાન
બીજા પક્ષના : - મે. શ્રી પાર્થ ઇન્ફાકોર્પ લીમીટેડ કંપની તરફે તેના અધિકૃત ડીરેક્ટર (પ્રવિણભાઇ આણંદભાઇ ખેની)		ડાબા હાથના અંગુઠાનું નિશાન
પહેલા પક્ષના : -	ફોટો	અંગુઠાનું નિશાન
(રમેશભાઇ નગીનભાઇ પટેલ)		ડાબા હાથના અંગુઠાનું નિશાન
(ભરતભાઇ નગીનભાઇ પટેલ)		ડાબા હાથના અંગુઠાનું નિશાન

NOTARIAL NOTARIAL

5-7-2014

NOTARIAL NOTARIAL

My Commission Expires on 13th July-2015

Admitted & Executed Before me

(Dhirubhai M Vadiwala)
NOTARY
SURAT DISTRICT
State of Gujarat

5 JUL 2014

Sr. No. 2137/2014
Date 5-7-2014